# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રગતિની 50મી બેઠક અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં પાંચ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી

2) પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનર અને મુખ્ય ચૂંટણી અધિકારી વિરુદ્ધ SIR પ્રક્રિયા અંગેની થયેલી પોલીસ ફરિયાદોમાં કરાયેલા આરોપોને ફગાવ્યાં

3) નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ કર્ણાટકના બેંગલુરુથી કાર્યરત આંતરરાષ્ટ્રીય ખાટ ટ્રાફિકિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો

4) સમગ્ર દેશમાં લોકોએ ઉત્સાહ, પ્રાર્થના, જાહેર મેળાવડાઓ અને નવી આશાઓ સાથે નવા વર્ષ 2026નું સ્વાગત કર્યું

5) 44મી જુનિયર રાષ્ટ્રીય ખો ખો ચેમ્પિયનશિપનો બેંગલુરુમાં આરંભ

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM PRAGATI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી આધારિત બહુશાખાકીય પ્લેટફોર્મ પ્રગતિની 50મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં શ્રી મોદીએ રસ્તા, રેલ્વે, વીજળી, જળ સંસાધનો અને કોલસા સહિત વિવિધ ક્ષેત્રોમાં પાંચ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ્સ પાંચ રાજ્યોમાં ફેલાયેલા છે અને 40 હજાર કરોડથી વધુનો ખર્ચ ધરાવે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે છેલ્લા દાયકામાં પ્રગતિ હેઠળની ઇકોસિસ્ટમએ 85 લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સને વેગ આપવામાં મદદ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને મુખ્ય સચિવ સ્તરે, ખાસ કરીને સામાજિક ક્ષેત્ર માટે, પ્રગતિ જેવી પદ્ધતિઓને સંસ્થાકીય બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે નોંધ્યું કે લાંબા સમયથી પડતર પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય હિતમાં પૂર્ણ થયા છે. પીએમશ્રી યોજનાની સમીક્ષા દરમિયાન પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે પીએમશ્રી યોજના સર્વાંગી અને ભવિષ્ય માટે તૈયાર શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય ધોરણ બનવું જોઈએ.

તેમણે તમામ મુખ્ય સચિવોને પીએમશ્રી યોજના પર ચાંપતી નજર રાખવા જણાવ્યું. તેમણે ભાર મૂક્યો હતો કે પીએમ શ્રી શાળાઓને અન્ય રાજ્ય સરકારી શાળાઓ માટે બેન્ચમાર્ક બનાવવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે એવું પણ સૂચન કર્યું કે વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પીએમશ્રી શાળાઓની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે સ્થળ મુલાકાત લેવી જોઈએ.

# CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે છ લેન વાળા નાસિક-સોલાપુર કૉરિડોર અને ઓડિશામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 326ને પહોળા કરવાની બે રાજમાર્ગ પરિયોજનાને મંજૂરી આપી છે. આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ મહારાષ્ટ્રમાં છ લેનના ગ્રીનફિલ્ડ નિયંત્રિત નાસિક-સોલાપુર-અક્કલકોટ કૉરિડોરના નિર્માણને મંજૂરી આપી છે. 374 કિલોમીટરના રાજમાર્ગનાં નિર્માણ માટે અંદાજે 19 હજાર 142 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ પરિયોજના કુરનૂલને જોડતા નાસિક, અહિલ્યાનગર અને સોલાપુર જેવા મહત્વના શહેરને જોડશે.

સરકારે ઓડિશામાં પણ NH- 326ની બાજુમાં બનેલા પાકી અને સમતળ પટ્ટી સાથે વર્તમાન બે લેનના વિસ્તરણ અને મજબૂત બનાવવા સંમતિ આપી છે. આ પરિયોજના માટે કુલ એક હજાર 526 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે.

# WB-SIR

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનર અને મુખ્ય ચૂંટણી અધિકારી CEO વિરુદ્ધ SIR પ્રક્રિયા અંગે બે પોલીસ ફરિયાદો દાખલ થયા બાદ ચૂંટણી પંચે એક નિવેદનમાં, આરોપોને પૂર્વયોજિત અને પાયાવિહોણા ગણાવ્યા.

પંચે ખાસ મતદાર સુધારણા ઝુંબેશ માટે તેમની કાનૂની ફરજો બજાવતા અધિકારીઓને ડરાવવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો. ફરિયાદોમાં કરવામાં આવેલા તમામ આરોપો પંચે ફગાવ્યાં હતાં.

પંચે ભારપૂર્વક જણાવ્યું કે આ ધાકધમકી આપવાની યુક્તિઓ દબાણ દ્વારા ચૂંટણી પ્રક્રિયાને પાટા પરથી ઉતારવા માટે રચાયેલી છે. ચૂંટણી સંસ્થાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા પ્રયાસો સફળ થશે નહીં. નિવેદનમાં વધુમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે આ સંગઠિત અને વ્યવસ્થિત ફરિયાદો પાછળના કાવતરાને ઉજાગર કરવા માટે તમામ પગલાં લેવાશે.

## 2026 CALENDAR DR L MURUGAN

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે આ વર્ષે સરકારે ઘણા સીમાચિહ્નરૂપ સુધારાઓ હાથ ધર્યા છે જે વિકસિત ભારત 2047 તરફ દેશની રાષ્ટ્રીય યાત્રામાં મહત્વપૂર્ણ પ્રકરણો ઉમેરે છે.

નવી દિલ્હીમાં 2026 કેલેન્ડરનું લોન્ચિંગ કરતા તેમણે કહ્યું કે આ સુધારાઓ સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા, આર્થિક સ્થિરતા વધારવા અને દેશના લાંબા ગાળાના વિકાસ માટે ટકાઉ પાયો નાખવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય દ્વારા સંચાલિત છે.

આ પ્રસંગે માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ જણાવ્યું હતું કે કેલેન્ડર કાળજીપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યું છે અને સરકારની પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે અને સરકારી સંચાર માધ્યમ તરીકે વિકસિત થયું છે.

# NCB- KHAT

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો NCBએ કર્ણાટકના બેંગલુરુથી કાર્યરત આંતરરાષ્ટ્રીય ખાટ ટ્રાફિકિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં લગભગ 160 કિલોગ્રામ ખાટના પાન જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત લગભગ 8 કરોડ રૂપિયા છે.

એક નિવેદનમાં NCB એ માહિતી આપી હતી કે 2018 માં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ NDPS એક્ટ હેઠળ સાયકોટ્રોપિક પદાર્થ તરીકે સમાવિષ્ટ થયા બાદ કર્ણાટકમાં ખાટનો આ સૌથી મોટી જપ્તી છે.

એજન્સીએ કહ્યું કે પ્રારંભિક તપાસમાં પ્રતિબંધિત પદાર્થ ઇથોપિયાથી કેન્યા થઈને આંતરરાષ્ટ્રીય માર્ગ દ્વારા ભારતમાં દાણચોરી કરવામાં આવ્યો હતો, જે મધ્ય પૂર્વ સહિત 20 થી વધુ દેશોમાં કાર્યરત સુસંગઠિત ટ્રાન્સનેશનલ ડ્રગ સિન્ડિકેટની સંડોવણી તરફ નિર્દેશ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-NEW YEAR

સમગ્ર દેશમાં લોકોએ ઉત્સાહ, પ્રાર્થના અને જાહેર મેળાવડાઓ અને નવી આશાઓ સાથે નવા વર્ષ 2026નું સ્વાગત કર્યું. જ્યારે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા અને શાંતિપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવા માટે સતર્ક રહી.

રાષ્ટ્રીય રાજધાનીમાં કનોટ પ્લેસ અને ઇન્ડિયા ગેટ જેવા મુખ્ય સ્થળોએ ગાઢ ધુમ્મસ છતાં લોકોએ ઉત્સાહભેર ઉજવણી કરી શહેરમાં 2020 બાદની સૌથી ઠંડી નવા વર્ષની પૂર્વ સંધ્યા હતી.

ગોવામાં સ્થાનિકો અને પ્રવાસીઓ લોકપ્રિય પાર્ટી હબમાં ભેગા થયા ત્યારે ચમકતા ફટાકડાએ આકાશને પ્રકાશિત કર્યું, હોટલો અને બીચ પર ખાસ કાર્યક્રમોનું આયોજન કરાયું.

મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સહિતના સ્થળોએ લોકોએ 2026નું સ્વાગત કર્યું.

હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં ઉજવણી કરવામાં આવી, જ્યારે જમ્મુ અને કાશ્મીરના સોનમર્ગમાં પ્રવાસીઓએ બરફથી ઢંકાયેલા લેન્ડસ્કેપ્સ વચ્ચે નવા વર્ષનું સ્વાગત કર્યું.

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં લોકોએ ફટાકડા અને બોલીવુડ સંગીત સાથે નવા વર્ષનું સ્વાગત કર્યું.

તેલંગાણામાં હૈદરાબાદમાં મોટી સંખ્યામાં લોકો ફટાકડા, સંગીત અને મોડી રાત સુધી ઉજવણીનો આનંદ માણતા જોવા મળ્યા, જ્યારે કર્ણાટકના બેંગલુરુમાં અધિકારીઓએ સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સુનિશ્ચિત કરતા ફટાકડા ફોડીને 2026નું

સ્વાગત કર્યું. અમૃતસરમાં મધ્યરાત્રિએ જ ભક્તો શ્રી હરમંદિર સાહિબમાં પ્રાર્થના કરવા માટે ઉમટી પડ્યા.

## BIHAR-NAXAL KILLED

બિહારમાં ગઈકાલે બેગુસરાય જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક નક્સલી માર્યો ગયો, જેના પર 50 હજાર રૂપિયાનું ઈનામ હતું. પોલીસે માહિતી આપી હતી કે દયાનંદ માલાકર જે છોટુ તરીકે પણ ઓળખાય છે, તે પ્રતિબંધિત સીપીઆઈ-માઓવાદીની ઉત્તર-બિહાર સેન્ટ્રલ ઝોનલ કમિટીનો સેક્રેટરી હતો.

બિહાર પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ STF અનુસાર 14થી વધુ ગુનાહિત કેસોમાં વોન્ટેડ માલાકર તેઘરા વિસ્તારમાં મળી આવ્યા બાદ સુરક્ષા કર્મચારીઓ પર ગોળીબાર કર્યો હતો. પોલીસે સ્વબચાવમાં જવાબી કાર્યવાહી કરી.

ઓપરેશન દરમિયાન તેના બે સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી. માલાકરને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. કોઈ સુરક્ષા કર્મચારીઓની જાન હાનિ થઈ નથી.

પોલીસે સ્થળ પરથી એક રાઇફલ, એક પિસ્તોલ અને અનેક કારતૂસ પણ કબ્જે કર્યા હતા.

## KHO KHO SPORTS

44મી જુનિયર રાષ્ટ્રીય ખો ખો ચેમ્પિયનશિપનો ગઈકાલે બેંગલુરુના ગુંજુર ખાતેના અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમથી આરંભ થયો છે.

દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લગભગ એક હજાર યુવા ખેલાડીઓ છોકરાઓ અને છોકરીઓના વિભાગમાં ભાગ લઈ રહ્યા છે. ગઇકાલે લગભગ 40 મેચ રમાઈ હતી. આ ટુર્નામેન્ટ લીગ-કમ-નોકઆઉટ ફોર્મેટમાં રમાઈ રહી છે જેમાં ત્રીજી જાન્યુઆરીએ સેમિફાઇનલ અને ચોથી જાન્યુઆરીએ ફાઇનલ રમાશે.

દરમિયાન 58મી સિનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશિપ 11 થી 15 જાન્યુઆરી દરમિયાન તેલંગાણાના કાઝીપેટમાં અને 35મી સબ-જુનિયર નેશનલ 31 જાન્યુઆરીથી ચોથી ફેબ્રુઆરી દરમિયાન હરિયાણાના કુરુક્ષેત્રમાં યોજાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ નવા વર્ષની ઉજવણીના સમાચારોને તસવીરો સાથે પ્રથમ પાને છાપ્યા છે. નવગુજરાત સામે લખે છે, અવિસ્મરણીય 2025ની વિદાય 2026ના વધામણાં
- દિવ્ય ભાસ્કરે આ સૂર્યનું વર્ષ છે, હેડ લાઇન સાથે વિવિધ દેશોમાં સૂર્યોદયની તસવીરો મૂકી છે
- ગુજરાત સમાચાર લખે છે 2026નો સૂર્યોદય સુખ, શાંતિ, વૈભવનો ઉજાસ ફેલાવે
- સ્થાનિક સમાચારોમાં એસ ટી ભાડાંમાં 3 ટકાનો વધારો, તેમજ ઇન્ચાર્જ DGP તરીકે લક્ષ્મીનારાયણ રાવની નિયુક્તિના સમાચાર છપાયા છે.